Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LIII] SATURDAY, 15th SEPTEMBER, 2012 /BHADRAPAD 24, 1934 [ No. 63**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

## જાહેર નોટિસ

*ધ ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એકટ-૨૦૦૯ની કલમ-૧૫ અને ૧૭*
*ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ની કલમ-૪૨(૧)*
*ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ-૧૯૭૯ના રૂલ-૧૮*

**ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર**

## અધિસૂચન

**ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ ની સુચિત દરખાસ્તની જાહેર પ્રસિધ્ધિ**

નં. ધોલેરા/ડ્રાફ્ટ ટીપી-૩/ટેક/ક-૪૨/૧૦૭/૨૦૧૨/૧૩૦૮૮.- ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા ધ ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એકટ-૨૦૦૯ ની કલમ-૧૫(૩) (iii) ની અને ૧૭ની, ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) ની અને ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ-૧૯૭૯ ના રૂલ-૧૮ની જોગવાઈઓ અન્વયે વાંધા, સુચનો અને રજુઆતો મેળવવા માટે ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની ૬ઠી બોર્ડ બેઠક, તા.૦૮-૦૫-૨૦૧૨ ના ઠરાવ નં. ૬/૫ થી નિર્ણય લેવાયેલ છે. ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ ની સુચિત દરખાસ્તની જાહેર પ્રસિધ્ધિ કરવા અધ્યક્ષશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીને સત્તા આપવા ઠરાવવામાં આવેલ છે.

આ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ નું ક્ષેત્રફળ ૬૬.૬૦ ચો.કિ.મી. (૬,૬૬૦ હેકટર) છે. જેમાં સોઢી, સાંગાસર, પાંચી, સાંઢીડા, મુંડી, ધોલેરા, ઓતારીયા અને ચેર એમ કુલ ૮ ગામો પૈકીની જમીનોનો સમાવેશ થાય છે.

એકટ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ બનાવવા માટે ચીફ ટાઉન પ્લાનરશ્રી, જીઆઈડીબીના તા. ૨૮-૦૬-૨૦૧૧ ના પત્રથી વિચાર-વિનિમય કરીને પરામર્શ મેળવેલ છે. એકટ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ બનાવવાનો ઈરાદો ધોલેરા ઓથોરીટીની તા.૨૩-૧૨-૨૦૧૧ ની બોર્ડ બેઠકમાં ઠરાવ નં. ૫/૬ થી જાહેર કરેલ છે.

એકટ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) તથા કલમ-૪૧(૨) અને રૂલ્સ-૧૯૭૯ ના રૂલ-૧૬(૧) ની જોગવાઇ હેઠળ ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ બનાવવાના ઇરાદાની જાહેરાત તા.૦૫-૦૧-૨૦૧૨ ના અસાધારણ રાજયપત્ર ભાગ-૨ ના વોલ્યુમ નં. ૫૩, પાના નં. ૬૦-૬૩ ઉપર તેમજ ધોલેરા ઓથોરીટીની હકુમતમાં બહોળો ફેલાવો ધરાવતાં ગુજરાતી વર્તમાનપત્રો (૧) જયહિંદ (૨) સંદેશ અને (૩) ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણમાં જાહેર બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે.

રૂલ્સ-૧૯૭૯ ના રૂલ નં. ૧૭ની જોગવાઇ હેઠળ સદર સ્કીમ વિસ્તારના જમીન માલિકો અને હિત ધરાવતી વ્યકિતઓને ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ની કામચલાઉ દરખાસ્તની સમજણ આપવા, લોકમત અને સુચનો મેળવવા સદર મીટીંગમાં હાજર રહેવા જમીન માલિકો / હિત ધરાવતી વ્યકિતઓના ઉપલબ્ધ સરનામે વ્યકિગત નોટિસો દ્વારા તેમજ દૈનિક પત્રો દ્વારા બહોળી પ્રસિધ્ધિ કરી સમાવિષ્ઠ થતાં વિસ્તારની જે-તે ગામોની પ્રાથમિક શાળામાં તા.૧૪-૦૨-૨૦૧૨ થી તા.૨૪-૦૨-૨૦૧૨ સુધીમાં બોલાવવામાં આવેલ મીટીંગમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ.

ધોલેરા ઓથોરીટીમાં ઉપલબ્ધ, મેળવેલ અને જમીન માલિકો દ્વારા રજુ કરેલ માહિતી આધારે, ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ ની કામચલાઉ દરખાસ્તોની સદર મીટીંગોમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા, સમજણ અને માહિતી આપવામાં આવી.

સદર મીટીંગમાં હાજર રહેલા જમીન માલિકો / હિત ધરાવતી વ્યકિતઓ ધ્વારા રજુ કરાયેલા આધાર / પુરાવા / વિગતો તેમજ કરાયેલા સુચનો / રજુઆતો વિગેરે ધ્યાને લઇ ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ ની મુસદારૂપ સુચિત દરખાસ્તો તૈયાર કરવામાં આવેલી છે.

એકટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને રૂલ્સ-૧૯૭૯ના રૂલ-૧૮ મુજબની જોગવાઇઓ અનુસાર યોજનામાં આવરી લેવાયેલ વિસ્તારનો મુસદો ઘડી યોજનાની જોગવાઇઓ પાર પાડવા માટે વિનિયોગના મુસદા જેવા કે જુદા-જુદા નકશાઓ, પત્રકો (એફ-ફોર્મ, જી-ફોર્મ, વિ.) સામાન્ય બાંધકામ નિયંત્રણ નિયમો, ચાર્ટસ, વિસ્તૃત અહેવાલ અને અન્ય જરૂરી તમામ સાહિત્ય તૈયાર કરાયેલ છે. જે ધોલેરા ઓથોરીટીની મુખ્ય કચેરી ગાંધીનગર અને પેટા કચેરી ધોલેરા મુકામે નીચેના સરનામે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લા રાખેલ છે તથા સમજાવવાની જરૂરી વ્યવસ્થા કરાયેલી છે. તેમજ નકશાઓ, અધિસુચનની નકલ અને જરૂરી વિગતો ધોલેરા ઓથોરીટીની વેબસાઇટ **www.dholerasir.com** ઉપર મુકવામાં આવેલ છે.

આ જાહેર નોટિસ / અધિસુચન અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધિની તા.૧૫-૦૯-૨૦૧૨ થી ૧ માસની અંદર એટલે કે તા.૧૪-૧૦-૨૦૧૨ સુધીમાં આ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ ના મુસદાથી અસર પામેલા વ્યકિતઓએ આવી યોજના અંગેના કોઇ વાંધા, સુચનો અને રજુઆતો લેખીતમાં, નીચે દર્શાવેલ સરનામે, લખી જણાવશે તો ધોલેરા ઓથોરીટી એકટ-૧૯૭૬ ની કલમ-૪૭ અને નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૮(૨) હેઠળ ગુણદોષના આધારે વિચારણામાં લેશે અને આખરી મુસદો તૈયાર કરી એપેક્ષ ઓથોરીટી (જીઆઇડીબી) ને એકટ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) તથા એકટ-૨૦૦૯ ની કલમ-૧૭ હેઠળ મંજુરી અર્થે સાદર કરવામાં આવશે. જેની લાગતા-વળગતા સૌએ નોંધ લેવા વિનંતી.

**મુખ્ય કચેરી ગાંધીનગરનું સરનામું :**

મુખ્ય કારોબારી અધિકારી, ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર
બ્લોક નં. ૧૧/૧૨, ૩ જો માળ, ઉદ્યોગભવન, સેકટર - ૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૭
ફોનઃ ૦૭૯-૨૩૨ ૪૦૧૫૦-૨-૪, ફેક્સઃ ૦૭૯-૨૩૨ ૪૮૪૪૩,

**Email- ceo@dholerasir.com** **Website: www.dholerasir.com**

**પેટા કચેરી ધોલેરાનું સરનામું :**

ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી,
ઠે. ગ્રામ પંચાયતની કચેરી કમ્પાઉન્ડમાં, મુ. ધોલેરા, તા. ધંધુકા, જિલ્લો - અમદાવાદ.

**કે. ડી. ચંદનાણી,** આઇ.એ.એસ.
મુખ્ય કારોબારી અધિકારી,
ધોલેરા ઓથોરીટી.

**મહેશ્વર સાહુ,** આઇ.એ.એસ.
અધ્યક્ષ,
ધોલેરા ઓથોરીટી.

# જાહેર નોટિસ

*ધ ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ-૨૦૦૯ની કલમ-૧૫ અને ૧૭*
*ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨(૧)*
*ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ-૧૯૭૯ના રૂલ-૧૮*

**ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર**

# અધિસૂચન

## ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૪ ની સુચિત દરખાસ્તની જાહેર પ્રસિધ્ધિ

નં. ધોલેરા/ડ્રાફ્ટ ટીપી-૪/ટેક/ક-૪૨/૧૦૮/૨૦૧૨/૧૩૦૮૯.- ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા ધ ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ-૨૦૦૯ની કલમ-૧૫(૩) (iii) ની અને ૧૭ની, ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) અને ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ-૧૯૭૯ના રૂલ-૧૮ ની જોગવાઇઓ અન્વયે વાંધા, સુચનો અને રજુઆતો મેળવવા માટે ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની છઠી બોર્ડ બેઠક, તા.૦૮-૦૫-૨૦૧૨ ના ઠરાવ નં. ૬/૫ થી નિર્ણય લેવાયેલ છે. ડ્રાફ્ટ ટાઉન પ્લાનીગ સ્કીમ નં. ૪ ની સુચિત દરખાસ્તની જાહેર પ્રસિધ્ધિ કરવા અધ્યક્ષશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીને સત્તા આપવા ઠરાવવામાં આવેલ છે.

આ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૪ નું ક્ષેત્રફળ ૬૦.૦૦ ચો.કિ.મી. (૬,૦૦૦ હેકટર) છે. જેમાં ધોલેરા, મુંડી, પાંચી, ભાનગઢ, હેબતપુર, ઝાંખી, મહાદેવપુરા અને સાંઢીડા એમ કુલ ૮ ગામો પૈકીની જમીનોનો સમાવેશ થાય છે.

એક્ટ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૪ બનાવવા માટે ચીફ ટાઉન પ્લાનરશ્રી, જીઆઇડીબીના તા.૨૮-૦૬-૨૦૧૧ ના પત્રથી વિચાર-વિનિમય કરીને પરામર્શ મેળવેલ છે. એક્ટ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૪ બનાવવાનો ઈરાદો ધોલેરા ઓથોરીટીની તા.૨૩-૧૨-૨૦૧૧ની બોર્ડ બેઠકમાં ઠરાવ નં. ૫/૬ થી જાહેર કરેલ છે.

એક્ટ-૧૯૭૬ની કલમ-૪૧(૧) તથા કલમ-૪૧(૨) અને રૂલ્સ-૧૯૭૯ ના રૂલ-૧૬(૧) ની જોગવાઇ હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ બનાવવાના ઈરાદાની જાહેરાત તા.૦૫-૦૧-૨૦૧૨ ના અસાધારણ રાજયપત્ર ભાગ-૨ ના વોલ્યુમ નં. ૫૩, પાના નં. ૬૩ - ૬૬ ઉપર તેમજ ધોલેરા ઓથોરીટીની હકુમતમાં બહોળો ફેલાવો ધરાવતાં ગુજરાતી વર્તમાનપત્રો (૧) દિવ્ય ભાસ્કર (૨) ગુજરાત સમાચાર અને (૩) શ્રી નુતન સૌરાષ્ટ્ર વર્તમાનપત્રોમાં જાહેર બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે.

રૂલ્સ-૧૯૭૯ના રૂલ નં. ૧૭ ની જોગવાઇ હેઠળ સદર સ્કીમ વિસ્તારના જમીન માલિકો અને હિત ધરાવતી વ્યકિતઓને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૪ ની કામચલાઉ દરખાસ્તની સમજણ આપવા, લોકમત અને સુચનો મેળવવા સદર મીટીંગમાં હાજર રહેવા જમીન માલિકો/હિત ધરાવતી વ્યકિતઓના ઉપલબ્ધ સરનામે વ્યકિગત નોટિસો દ્વારા તેમજ દૈનિક પત્રો દ્વારા બહોળી પ્રસિધ્ધિ કરી સમાવિષ્ઠ થતાં વિસ્તારની જે-તે ગામોની પ્રાથમિક શાળામાં તા.૧૪-૦૨-૨૦૧૨ થી તા.૨૪-૦૨-૨૦૧૨ સુધીમાં બોલાવવામાં આવેલ મીટીંગમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ.

ધોલેરા ઓથોરીટીમાં ઉપલબ્ધ, મેળવેલ અને જમીન માલિકો દ્વારા રજુ કરેલ માહિતી આધારે, ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૪ ની કામચલાઉ દરખાસ્તોની સદર મીટીંગોમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા, સમજણ અને માહિતી આપવામાં આવી.

સદર મીટીંગમાં હાજર રહેલા જમીન માલિકો/હિત ધરાવતી વ્યકિતઓ દ્વારા રજુ કરાયેલા આધાર/પુરાવા/વિગતો તેમજ કરાયેલા સુચનો /રજુઆતો વિગેરે ધ્યાને લઇ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૪ ની મુસદારૂપ સુચિત દરખાસ્તો તૈયાર કરવામાં આવેલી છે.

એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને રૂલ્સ-૧૯૭૯ ના રૂલ-૧૮ મુજબની જોગવાઇઓ અનુસાર યોજનામાં આવરી લેવાયેલ વિસ્તારનો મુસદો ઘડી યોજનાની જોગવાઇઓ પાર પાડવા માટે વિનિયોગના મુસદા જેવા કે જુદા-જુદા નકશાઓ, પત્રકો (એફ-ફોર્મ, જી-ફોર્મ, વિ.) સામાન્ય બાંધકામ નિયંત્રણ નિયમો, ચાર્ટસ, વિસ્તૃત અહેવાલ અને અન્ય જરૂરી તમામ સાહિત્ય તૈયાર કરાયેલ છે. જે ધોલેરા ઓથોરીટીની મુખ્ય કચેરી ગાંધીનગર અને પેટા કચેરી ધોલેરા મુકામે નીચેના સરનામે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લા રાખેલ છે તથા સમજાવવાની જરૂરી વ્યવસ્થા કરાયેલી છે. તેમજ નકશાઓ, અધિસુચનની નકલ અને જરૂરી વિગતો ધોલેરા ઓથોરીટીની વેબસાઇટ **: www.dholerasir.com** ઉપર મુકવામાં આવેલ છે.

આ જાહેર નોટિસ/અધિસુચન અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધિની તા.૧૫-૦૯-૨૦૧૨ થી ૧ માસની અંદર એટલે કે તા.૧૪-૧૦-૨૦૧૨ સુધીમાં આ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૪ ના મુસદ્દાથી અસર પામેલા વ્યકિતઓએ આવી યોજના અંગેના કોઇ વાંધા, સુચનો અને રજુઆતો લેખીતમાં નીચે દર્શાવેલ સરનામે લખી જણાવશે તો ધોલેરા ઓથોરીટી એકટ-૧૯૭૬ની કલમ-૪૭ અને નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮(૨) હેઠળ ગુણદોષના આધારે વિચારણામાં લેશે અને આખરી મુસદ્દો તૈયાર કરી એપેક્ષ ઓથોરીટી (જીઆઇડીબી) ને એકટ-૧૯૭૬ની કલમ-૪૮(૧) તથા એકટ-૨૦૦૯ની કલમ-૧૭ હેઠળ મંજુરી અર્થે સાદર કરવામાં આવશે. જેની લાગતા વળગતા સૌએ નોંધ લેવા વિનંતી.

**મુખ્ય કચેરી ગાંધીનગરનું સરનામું :**

મુખ્ય કારોબારી અધિકારી, ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર
બ્લોક નં. ૧૧/૧૨, ૩ જો માળ, ઉદ્યોગભવન, સેકટર - ૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૭
ફોનઃ ૦૭૯-૨૩૨ ૪૦૧૫૦-૨-૪, ફેક્સઃ ૦૭૯-૨૩૨ ૪૮૪૪૩,

**Email- ceo@dholerasir.com** **Website: www.dholerasir.com**

**પેટા કચેરી ધોલેરાનું સરનામું :**

ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી,
ઠે. ગ્રામ પંચાયતની કચેરી કમ્પાઉન્ડમાં, મુ. ધોલેરા, તા. ધંધુકા, જિલ્લો - અમદાવાદ.

**કે. ડી. ચંદનાણી,** આઇ.એ.એસ.
મુખ્ય કારોબારી અધિકારી,
ધોલેરા ઓથોરીટી.

**મહેશ્વર સાહુ,** આઇ.એ.એસ.
અધ્યક્ષ,
ધોલેરા ઓથોરીટી.

---

# જાહેર નોટિસ

*ધ ગુજરાત સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન એકટ-૨૦૦૯ની કલમ-૧૫ અને ૧૭*
*ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ની કલમ-૪૨(૧)*
*ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ-૧૯૭૯ના રૂલ-૧૮*

**ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર**

# અધિસૂચન

## ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૫ ની સુચિત દરખાસ્તની જાહેર પ્રસિધ્ધિ

નં. ધોલેરા/ડ્રાફ્ટ ટીપી-૫/ટેક/ક-૪૨/૧૦૯/૨૦૧૨/૧૩૦૯૦.- ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા ધ ગુજરાત સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન એકટ-૨૦૦૯ની કલમ-૧૫(૩) (iii) ની અને ૧૭ ની, ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ-૧૯૭૯ના રૂલ-૧૮ ની જોગવાઇઓ અન્વયે વાંધા, સુચનો અને રજુઆતો મેળવવા માટે ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની ૭ મી બોર્ડ બેઠક, તા.૦૫-૦૯-૨૦૧૨ ના ઠરાવ નં. ૭/૩ થી નિર્ણય લેવાયેલ છે. ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૫ ની સુચિત દરખાસ્તની જાહેર પ્રસિધ્ધિ કરવા અધ્યક્ષશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીને સત્તા આપવા ઠરાવવામાં આવેલ છે.

આ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૫ નું ક્ષેત્રફળ ૭૪.૭૫ ચો.કિ.મી. (૭,૪૭૫ હેકટર) છે. જેમાં પાંચી, બાવલીયારી, સોઢી, સાંગાસર અને હેબતપુર એમ કુલ ૫ ગામો પૈકીની જમીનોનો સમાવેશ થાય છે.

એકટ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૫ બનાવવા માટે ચીફ ટાઉન પ્લાનરશ્રી, જીઆઇડીબીના તા. ૨૩-૧૨-૨૦૧૧ ના પત્રથી વિચાર-વિનિમય કરીને પરામર્શ મેળવેલ છે. એકટ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૫ બનાવવાનો ઇરાદો ધોલેરા ઓથોરીટીની તા.૨૩-૧૨-૨૦૧૧ ની બોર્ડ બેઠકમાં ઠરાવ નં. ૫/૮ થી જાહેર કરેલ છે.